અપીલ અરજી નં.૩૩૫ તા.૨૫–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૭/૧૨/૧૦ની અરજી થી રાહુલરાજ ટેક્ષ્ટાઈલ સીટી , લીંબાયત ઝોન પાસે, સુરત ધ્વારા ખાડીમાં મોટા પ્રમાણમા ગેરકાયદે માટી પુરાણ કરનાર તમામ બિલ્ડરોના નામ, સરનામા સહિતની માહિતી. ખાડીમાં ગેરકાયદે માટી પુરાણ થયા બાબતે આપના ધ્વારા થયેલ કાર્યવાહી જેમકે, ધી.બીપી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ – ૨૫૪ માં વર્ણાવ્યા પ્રમાણેની કલમ – ૨૬૦ (૨) મુજબ નોટીસ આપેલ હોય તો તેની તારીખ સહીતની નકલ અને માહિતી, તથા જે સંદર્ભ આપના ધ્વારા ડીપોઝીટ વસુલ લેવામા આવેલ છે.તે અંગે આ રકમ વસુલ લેવા સારૂ જે તે નીતી નિયમો નકકી કરવામાં આવેલ હોય કે ઠરાવેલ હોય તેની જે તે જવાબદારોના નામ, સરનામાં અને હોદ્દા સહિત ઠરાવ્યા તારીખ સહિતની માહિતી તથા જે તે ઠરાવની નકલ. જે તે સમયે આ ખાડીમાં ગેરકાયદે માટી પૂરાણ થયેલ, તે સમયે આ ગેરરિતીને રોકવાની જેની જવાબદારી થતી હોય તેવા જવાબદાર અધિકારીઓ ના નામ, હોદ્દા અને સરનામાં સહિતની સંપૂર્ણ માહિતી. ૩૧/૦૭/૨૦૧૦ થી મહે. કલેકટરશ્રીના પત્ર નં.એ/જમન/વશી ૧૪૭૨/૨૦૧૦ તથા, તા.૨૭/૦૯/૧૦ થી કાર્યપાલક ઈજનેર, ડ્રેનેજ વિભાગ – ૨ના પત્ર નં. ખાડીપુરાણ /ફા/વશી/૨૯૩૦, તેમજ તા.૧૧/૧૦/૨૦૧૦ અને તા. ૭/૧૨/૨૦૧૦ ના, રાજયના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પત્રક્રમાંકઃ વનમ – ૧૪૧૦ – ૫૩૦૯– લ, આ મુજબના ચારેય પત્રોથી તમોને નિયમોનુસારની કાર્યવાહી કરી, અરજદારને બારોબાર યોગ્ય પ્રત્યુત્તર પાઠવવા જણાવેલ, તેના અનુસંધાને આપના તરફથી અલગઅલગ પત્રો બાબતે થયેલ અલગઅલગ કાર્યવાહીની તારીખો સહિતની સંપૂર્ણ માહિતી.સુ.મ.પા.ના મધ્યસ્થ શહેર વિકાસ તથા મુખ્ય કચેરીના અધિકારીઓના જણાવ્યા મુજબ જે તે વિસ્તારમા આવા ગેરકાયદે થતાં બાંધકામો અને ગેરરીતીઓ અંગેની જેતે ઝોનના અધિકારીઓની જ હોય છે.તો આવા જે તે જવાબદાર અધિકારીઓ ના નામ અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૨૮/૧/૧૧ ની અપીલ અરજી નં. **SMC/FAP/** ૩૩૫/૨૦૧૦–૧૧.

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૭/૧૨/૧૦ ની અરજી થી રાહુલરાજ ટેક્ષ્ટાઈલ સીટી, લીંબાયત ઝોન પાસે, સુરત ધ્વારા ખાડીમાં મોટા પ્રમાણમા ગેરકાયદે માટી પુરાણ કરનાર તમામ બિલ્ડરોના નામ , સરનામા સહિતની માહિતી. ખાડીમાં ગેરકાયદે માટી પુરાણ થયા બાબતે આપના ધ્વારા થયેલ કાર્યવાહી જેમકે, ધી.બીપી.એમ.સી. એકટ ૧૯૪૯ ની કલમ – ૨૫૪ માં વર્ણાવ્યા પ્રમાણેની – ૨૬૦ (૨) મુજબ નોટીસ આપેલ હોય તો તેની તારીખ સહીતની નકલ અને માહિતી, તથા જે સંદર્ભ આપના ધ્વારા ડીપોઝીટ વસુલ લેવામા આવેલ છે. તે અંગે આ રકમ વસુલ લેવા સારૂ જે તે નીતી નિયમો નકકી કરવામાં આવેલ હોય કે ઠરાવેલ હોય તેની જે તે જવાબદારોના નામ, સરનામાં અને હોદ્દા સહિત ઠરાવ્યા તારીખ સહિતની માહિતી તથા જે તે ઠરાવની નકલ. જે તે સમયે આ ખાડીમાં ગેરકાયદે માટી પૂરાણ થયેલ, તે સમયે આ ગેરરિતીને રોકવાની જેની જવાબદારી થતી હોય તેવા જવાબદાર અધિકારીઓ ના નામ, હોદ્દા અને સરનામાં સહિતની સંપૂર્ણ માહિતી. ૩૧/૦૭/૨૦૧૦ થી મહે. કલેકટરશ્રીના પત્ર નં. એ/જમન/વશી ૧૪૭૨/૨૦૧૦ તથા ,તા.૨૭/૦૯/૧૦ થી કાર્યપાલક ઈજનેર, ડ્રેનેજ વિભાગ–૨ ના પત્ર નં. ખાડીપુરાણ /ફા/વશી/૨૯૩૦, તેમજ તા.૧૧/૧૦/૨૦૧૦ અને તા. ૭/૧૨/૨૦૧૦ ના, રાજયના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પત્રક્રમાંકઃ વનમ–૧૪૧૦–૫૩૦૯– લ, આ મુજબના ચારેય પત્રોથી તમોને નિયમોનુસારની કાર્યવાહી કરી, અરજદારને બારોબાર યોગ્ય પ્રત્યુત્તર પાઠવવા જણાવેલ, તેના અનુસંધાને આપના તરફથી અલગ અલગ પત્રો બાબતે થયેલ અલગ અલગ કાર્યવાહીની તારીખો સહિતની સંપૂર્ણ માહિતી. સુ.મ.પા.ના મધ્યસ્થ શહેર વિકાસ તથા મુખ્ય કચેરીના અધિકારીઓના જણાવ્યા મુજબ જે તે વિસ્તારમા આવા ગેરકાયદે થતાં બાંધકામો અને ગેરરીતીઓ અંગેની જે તે ઝોનના અધિકારીઓની જ હોય છે. તો આવા જે તે અધિકારીઓના નામઅને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબતે સીટીઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન તરફથી માહિતી કે કોઈ નિર્ણય ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮/૧/૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પુરક માહિતી ની વિગતો તથા અરજીમાં નિર્દિષ્ટ પત્રોની નકલો મોકલવા, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૨૬૭ તા.૫–૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તા.૨૭/૧૨/૧૦ની નમુના–ક ની મૂળ અરજીમાં નિર્દિષ્ટ પત્રોની નકલ સામેલ ન હોય જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૧–૨–૧૧ નો પત્ર મુળ અરજીમાં નિર્દિષ્ટ પત્રોની નકલ સાથે મળેલ છે.

અરજદારની તા.૨૭–૧૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સંબોધીને સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૫૨ તા.૩૦–૧૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ નિર્ણય ન મળવાથી અરજદારે તા.૨૮–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૬૭ તા.૫–૨–૧૧ થી અરજદાર તથા જાહેર માહિતી અધિકારી બંને પક્ષકારોને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૨૧–૨–૧૧ ના રોજ પૂરક વિગતોમાં કલેકટરશ્રીએ નાયબ કમિશનર સુરત મહાનગરપાલિકા અને અધિક્ષક ઈજનેર સુરત સિંચાઈ વર્તુળ અઠવાલાઈન્સ , સુરતને પત્ર નં.એ/જમન/વશી/૧૪૭૨/૨૦૧૦ કલેકટર કચેરી, સુરત તા.૩૧–૭–૧૦ ના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર ડ્રેનેજ વિભાગ નં.–૨ સુરત તરફથી ઝોનલ ઓફિસર લીંબાયતઝોનને પાઠવેલ પત્ર નં.ડી.ડી.૨/પીબી–૧/અરજી/લીંબાયતઝોન–ખાડી પુરાણ/ફા./વશી/૨૯૩૦ તા.૨૭–૭–૧૦ ના પત્રની નકલ શ.વિ.અને શ.વિ.ગૃ.નિ. વિ. ગુજરાત સરકારના પત્ર ક્રમાંક વનમ/૧૪૧૦–૫૩૦૯–લ તા.૧૧–૧૦–૧૦ અને તા.૭–૧૨–૧૦ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં દફતરી હકીકત લક્ષી માહિતી પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,